# નવસારી કૃષિ યુનિવર્સિટી

## નાળિયેરીનાં તરોફા ફાલની હરાજીની જાહેરાત

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના જુદાજુદા કેન્દ્રો ખાતેથી નાળિયેરીનાં તરોફા ફાલ ઉતારી લઇ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ નીચે જણાવેલ કેન્દ્રના અલગ અલગ ઈજારા માટે જે તે કેન્દ્ર ખાતે રૂ ૬૦૦/- રોકડા ભરી ટેન્ડર ફોર્મ મેળવવાનું રહેશે.

| અ.નં. | ફાર્મનું નામ | અનામતની રકમ | અનામત સાથે ભાવપત્રક ભરવાની તારીખ | હરાજીની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | AICRP Palms, પ્રાદેશીક બાગાયત સંશોધન કેન્દ્ર, અબાવકોન, નવસારી | ૧૦,૦૦૦/- | ૦૪/૦૪/૨૦૨૨ | ૦૫/૦૪/૨૦૨૨ |
| ૨ | બાગાયત પોલીટેકનીક, અબાવકોન, નકૃયુ, નવસારી | ૫,૦૦૦/- | ૦૪/૦૪/૨૦૨૨ | ૦૫/૦૪/૨૦૨૨ |
| ૩ | લેન્ડસ્કેપીંગ એટ યુનિવર્સિટી કેમ્પસ, ફ્લોરીકલ્ચર વિભાગ, અબાવકોન, નકૃયુ, નવસારી | ૧૦,૦૦૦/- | ૦૪/૦૪/૨૦૨૨ | ૦૫/૦૪/૨૦૨૨ |
| ૪ | મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ૫,૦૦૦/- | ૦૪/૦૪/૨૦૨૨ | ૦૫/૦૪/૨૦૨૨ |

અનામત રકમનો ડીમાન્ડ ડ્રાફટ જે તે કેન્દ્રના ડીડીઓના નામ સાથે પોતાના ભાવ ટેન્ડર ફોર્મમાં બંધ કવરમાં ઉપર જણાવેલ જુદાજુદા કેન્દ્રો માટેની અનામતની રકમ સાથે ભાવપત્રક ભરવાની તારીખ સુધીમાં કચેરી સમય દરમ્યાન ઉપરોક્ત કચેરીઓને રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાનાં રહેશે. આવેલ ભાવપત્રકો જે તે કેન્દ્રના હરાજીના તારીખનાં દિવસે ૧૦-૦૦ કલાકે ઇજારદારોની હાજરીમાં જે તે કેન્દ્રના ફાર્મ ખાતે ખોલવામાં આવશે. ઈજારાની શરતો જે તે કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ **www.nau.in** પર વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

નોધ :- નોવેલ કોરોના વાઇરસ (કોવિડ-૧૯)ની મહામારીના કારણે સરકારશ્રીની ગાઈડ લાઇન મુજબ રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઈજારદાર પોતે અથવા વધુમાં વધુ એક વ્યક્તિએ આવવાનું રહેશે.

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

આચાર્યશ્રી, અસ્પી બાગાયત-વ-વનિય મહાવિધાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકનાં વિવિધ વિભાગો/ફાર્મ ખાતેની નાળિયેરીનાં તરોફા ફાલના ઇજારાની વર્ષ: ૨૦૨૨-૨૦૨૩માં હરાજીથી વેચાણ અંગેની શરતો

૧. વર્ષ: ૨૦૨૨-૨૦૨૩ની સાલમાં નાળિયેર ઇજારાની મુદ્દત તા. ૦૫/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધીની રહેશે. મુદ્દતમાં કોઇપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહી.

વિભાગ-૧ AICRP, Palms પ્રાદેશીક બાગાયત સંશોધન કેન્દ્ર, અબાવકોન, નવસારી ખાતેની ૪૨૦ નાળિયેરીઓ

વિભાગ-૨ બાગાયત પોલીટેકનીક, અબાવકોન, નવસારી ખાતેની ૬૭ નાળિયેરીઓ

વિભાગ-૩ લેન્ડસ્કેપીંગ એટ યુનિવર્સિટી કેમ્પસ, ફ્લોરીકલ્ચર વિભાગ, અબાવકોન, નવસારી ખાતેની ૬૪૬ નાળિયેરીઓનો ઈજારો આપવાનો છે. દરેક વિભાગનાં અલગ ટેન્ડર ફોર્મ ભરવાના રહેશે.

૨. ઇજારદાર ઇસમ પુખ્ત વયનો હોવો જોઇએ અને અસ્થિર મગજનો હોવો જોઇએ નહી.

૩. ઇજારદારે ઇજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

અ. હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અનામત પેટે વિભાગ-૧ રૂ!.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) વિભાગ-૨ રૂ!.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અને વિભાગ-૩ રૂ!.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) બીડ ડીપોઝીટ તરીકે અલગથી જમા કરવાના રહશે અને તે જમા કરાવનાર ઇસમનું જ ટેન્ડર સ્વીકારવામાં આવશે. અને જે ઇસમનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ સાથે હરાજીની રકમનાં ૧૦% નાણાં સિક્યોરીટી ડીપોઝીટ પેટે કચેરીમાં જમા કરવાની રહેશે. જે ડીપોઝીટ ચેક/ડી.ડી. થી સ્વીકારવામાં આવશે. જેને અનામત પેટે ગણવામાં આવશે અને સદર અનામતની રકમ ઇજારો પૂર્ણ થયેથી કોઈ પણ જાતની નુકશાની નહિ થયા બાબતની સદર વિભાગના સંચાલક અધિકારીની સંમતિ મળતા વગર વ્યાજે પરત આપવામાં આવશે. તેમજ બાકીના ઇજારા અનામતની રકમ તુર્તજ પરત કરવામાં આવશે.

બ. નાળીયેરીના ઇજારદારે રાખેલ ઇજારાની રકમ તા.૧૫/૦૪/૨૦૨૨ સુધીમાં બપોરે ૧૨:૦૦ કલાક પહેલા ડી.ડી./આર.ટી.જી.એસ.થી જમા કરાવવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઇજારાનો માલ ઉતારવા દેવામાં આવશે. તેમ છતા ખાસ કેસ તરીકે ઉપરોકત મુદ્દતમાં વધુમાં વધુ ૧૦ દિવસની મુદ્દત વધારી શકાશે અને વધારાના ૧૦ દિવસનું યુનિવર્સિટીના નીતિ નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઇજારાની કુલ રકમ સાથે જ કચેરીમાં ભરવાની રહેશે. ઇજારદારે આધારકાર્ડ તેમજ પાનકાર્ડ જે હોય તે કચેરીમાં રજુ કરવાના રહશે. સદરહુ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૪. ઉપર જણાવેલ ઇજારાની રકમ જમા કર્યા બાદ કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે ત્યારબાદ ઇજારદારને માલ ઉતારવાની શરૂઆત કરી શકશે.

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

૫. ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદ્દતમાં જમા કરવામાં નહી આવશે તો ઇજારો રદ કરવામાં આવશે. તેથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કોઇ નુકશાન થયેલ હશે તે ઇજારદારે ભરપાઇ કરવાનું રહેશે. આ નુકશાન ઉપરોકત અનામત રકમમાંથી ભરપાઇ કરવા આ સંસ્થા કાયદેસરના પગલા લેવા હકદાર રહેશે અને તેમાં ઇજારદારની કોઇ તકરાર ચાલશે નહી.

૬. શરત નં-૩ મુજબ જો ઇજારાની પુરેપુરી રકમ સમયસર ભરવામાં ન આવશે તો ઇજારદારની અનામત જપ્ત કરવામાં આવશે અને ત્યારબાદ કમીટી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

૭. ઇજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઇપણ પ્રકારના ટેક્ષ કે વેરા ઇજારદારના શીરે રહેશે.

૮. તરોફા ઉતારતા કોઇ પણ માલ, મકાન, ઝાડપાન વગેરેને નુકશાન ના થાય તેની કાળજી ઇજારદારે રાખવાની રહેશે. નવસારી કૃષિ યુનિવર્સિટીનુ કોઇપણ જાતનું નુકશાન કરશે, તો અને સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાનની રકમ વસુલ કરવામાં આવશે. ઇજારદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી માલની હેરફેર કરવાની રહેશે.

૯. કોઇપણ કુદરતી આફત અથવા અગર કોઇ બીજી આસમાની કે સુલતાનીથી હરાજી કરેલા ઝાડના ફળને કોઇપણ નુકશાન થશે તો તેની જે તે સંસ્થા કે યુનિવર્સિટીની કોઇપણ જવાબદારી રહેશે નહી.

૧૦. ઇજારદારે હરાજી દરમ્યાન દર્શાવેલ વિસ્તાર સિવાયના કોઇપણ પ્લોટ માંથી કોઇપણ ફળઝાડ પરથી ફળો ઉતારી શકશે નહી. આ શરતનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

૧૧. ઇજારાનાં સમય દરમ્યાન આપની કક્ષાએથી નાળીયેરી સાફ કરવાની રહેશે.

૧૨. ઇજારદારનો હક્ક માત્ર ઇજારાના સમય દરમ્યાન ઇજારાની શરતોને આધીન રહી તરોફા લઇ જવાનો જ છે. જે પોતાના ખર્ચે પડાવવાના અને લઇ જવાના રહેશે.

૧૩. ઇજારદાર નાળીયેર ઝાડોની સાફસુફી કરવા માટે પોતાના માણસો રાખી શકશે. જેના નામ સરનામા કચેરીમાં રજુ કરવાના રહશે. તેમજ ઇજારા સમય દરમ્યાન ઇજારદારના માલની ચોરી કે નુકશાની થાય તેની જેતે સંસ્થાકે યુનિવર્સિટી કોઇ જવાબદારી રહશે નહી.

૧૪. ઇજારાના સમય દરમ્યાન ઇજારદારે રોકેલ માણસો ને અકસ્માત થાય તો તેની જવાબદારી કચેરીની રહશે નહી.

૧૫. માલ ઉતારવાનો સમય સવારે ૮-૦૦ થી સાંજે ૪-૦૦ વાગ્યા સુધીનો રહશે તેમજ ઉતારેલ ફળની ગણતરી કરી ફરજીયાત પણે ગેટપાસ મેળવી લેવાનો રહેશે. ગેટપાસ વગર કેમ્પસમાંથી માલ બહાર કાઢવા દેવામાં આવશે નહીં. તથા રજાનાં સમયમાં માલ ઉતારવાનો હોય તો જે તે વિભાગના વડાની મંજુરી મેળવવાની રહેશે.

૧૬. હરાજી સમયે જેણે ઇજારો રાખ્યો હોય તે બીજા કોઇપણ અન્ય ઇસમને ઇજારો આપી શકશે નહી.

૧૭. નાળિયેરીના પાકમાં કચેરીની સગવડતા મુજબના ખાતરો અને ખેતી કાર્યો કરવામાં આવશે. જે ઇજારદારે માન્ય રાખવાના રહશે.

૧૮. જે ઇસમ હરાજીમાં ભાગ લેવા માગતા હોય તેવા ઇસમ પાસે યુનિ.ની અગાઉની કોઇ પણ હરાજીના નાણાની વસુલાત બાકી નીકળતી હોય તો તેવા ઇજારદારો હરાજીમાં ભાગ લઇ શકશે નહી.

સંશોધન નિયામક અને
અનુસ્ના... શાખાધ્ય
નવસારી કૃષિ યુનિવર્સિ.
નવસારી

૧૯. ઇજારદારે લીલા પાન કાપવાના નથી. આવા કોઇ પાન કાપેલા જોવામાં આવશે, તો પાન દીઠ રૂા. ૧૦/- નુકશાન પેટે વસુલ કરવામાં આવશે. જેની સામે ઇજારદાર વાંધો લઇ શકશે નહી.

૨૦. નાળિયેરી સિવાયના ઝાડોમાંથી કોઇપણ ઉત્પાદન લઇ જતા કે નુકશાન કરતા ઇજારદાર કે તેના માણસો પકડાશે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે અને તે નુકશાનની ઇજારદારે ભરપાઇ કરવાની રહેશે.

૨૧. ઇજારા અંગે કોઇ વાદ-વિવાદ ઉપસ્થિત થાયતો છેવટનો નિર્ણય નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે આખરી રહેશે અને ઇજારદારને બંધન કર્તા રહેશે.

૨૨. ઇજારદાર અધવચ્ચે ઇજારો છોડી કે કેન્સલ કરશે, તો ફરીથી ઇજારાની હરાજી કરવામાં આવશે અથવા તો કચેરી પોતે રાખશે. તેમજ ઇજારો છોડી કે કેન્સલ કરનાર ઇજારદારને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. કચેરીની કોઇ પણ હરાજીમાં ભવિષ્યમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.

૨૩. ઇજારદારે અનામતના રકમ સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૨૪. ઇજારો રાખનારે કચેરી નક્કી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે. અને તે મુજબનું લખાણ રૂા. ૩૦૦/- ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઉપર દિન દશમાં લખી આપવાનું રહેશે. રૂા.૩૦૦/- ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઇજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને શરત મુજબ લખી આપવાનો રહેશે.

૨૫. સંજોગોવશાત ઉપરોક્ત શરતોમાં કોઇપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે. અને તે અંગે કોઇ પણ તકરાર ચાલશે નહી.

૨૬. સંજોગોવશાત જો ઇજારદારે ઇજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટીના સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઇસમોની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો નિમણુંક કરેલ કમિટિનો નિર્ણય આખરી રહેશે.

૨૭. હરાજીના સમયે આવેલ ટેન્ડર દ્વારા આવેલ ભાવ અંદાજિત ભાવ કરતાં ઓછો જણાશે તો હરાજીના દિવસે અને સ્થળે તે જ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૨૮. નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ની મહામારીના કારણે સરકારશ્રીની વખતો વખતની ગાઇડલાઇન મુજબ રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઇજારદાર પોતે અથવા વધુમાં વધુ એક વ્યક્તિએ આવવાનું રહેશે.

૨૯. નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ની મહામારીના કારણે ઇજારદારે નાળિયેર તરોફા ઉતારવાના સમયે સરકારશ્રીની વખતો વખતની ગાઇડલાઇનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૩૦. ઇજારો રાખનારે તેમના જે મજુરો જે તે ફાર્મ ખાતે આવવાના હોય તેમના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ જેતે ફાર્મ ખાતે ફરજીયાત પણે જમા કરાવવાની રહેશે.

---

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી